# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

YEARS OF CELEBRATING THE MAHATMA

વંચાણે લીધા : સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નં. પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ર, તા.૨૧/03/૨૦૨૦

## :: પરિપત્ર: :

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં ગુજરાત રાજયની તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ ના અધિકારીઓ/ કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ વારાફરતી (Rotational basis) ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીઓના વડાશ્રીઓએ વંચાણે લીધેલ પરિપત્રથી સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે.

તદ્અનુસાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની સર્વે કચેરીઓમાં તા.૨૩/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓ/ કર્મચારીઓને ૫૦% વારાફરતી(Rotational basis) ફરજ ઉપર ઉપસ્થિત રાખવાનું આયોજન કરવા યુનિવર્સિટીની સર્વે કચેરીઓના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર બહાર પાડવામાં આવે છે.

(સહી)

ઈ/ચા. કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/૨૩૧૯ /૨૦૨૦
નવસારી તા.૨૨/03/૨૦૨૦

**નકલ સવિનય રવાના:**

૧.સેકશન અધિકારીશ્રી, ક-૨ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, બ્લોક નં.૫ પહેલો માળ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. માન.કલેકટરશ્રીઅને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કાલીયાવાડી, નવસારી તરફ જાણ સારૂ.

૩ .માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.

**નકલ રવાના :**

૧.નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તેમજ પેટા કેન્દ્રોના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

**સરકારી કર્મચારી – અધિકારીઓની કચેરીમાં હાજરી બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૩/૨૦૨૦.

વંચાણે લીધા :(૧) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : F.NO.11013/9/2014-Estt.A.III

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.

(૩) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : 11013/09/2014-Estt (A-III)

**પરિપત્ર:**

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) સંબંધમાં ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદીથી તમામ સરકારી કચેરી / સંકુલએ લેવાની થતી તકેદારી સંબંધમાં advisory પ્રસિદ્ધ કરવામાં આવી છે અને તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા તા.૧૮/૦૩/૨૦૨૦ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરી છે. ભારત સરકાર કર્મચારીગણ મંત્રાલયના ઉપર વંચાણે લીધે ક્રમાંક : (૩)ની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદીથી અગાઉની તા.૧૭/૦૩/૨૦૨૦ના કચેરી યાદીના અનુસંધાનમાં વધુ સૂચનાઓ / માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

રાજ્ય સરકાર નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં ગુજરાત રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારી / કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીના વડાએ સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવી.

આ સૂચનાઓ બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓ સહિત તમામને લાગુ પડશે.

આ હુકમો આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓ તેમજ નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના ચેપને નિયંત્રણ કરવા સાથે સીધા સંકળાયેલ કર્મચારીઓને લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

❖ માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(P.T.O.)

- ❖ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- ❖ માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- ❖ સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- ❖ માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- ❖ સર્વે કલેક્ટરશ્રી.
- ❖ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- ❖ સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- ❖ નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- ❖ સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- ❖ સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- ❖ નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- ❖ સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- ❖ જનરલ સિલેક્ટ ફાઈલ.